ભુતનો ભરમ

યાને

બહાદુર બાળા.

ઇન્ડીયા એમ્પાયર કુંપની

યોજક

માસ્તર નાનાલાલ મગનલાલની કુંપની

રીચી રોડપર—અમદાવાદ

અમદાવાદ

સિવિલ હસ્પીતાલ સામે પાનાભાઇની વાડીમાં

વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ જેકસુદાસે છાપી.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીમત બે આના.

"ભુતનો ભરમ."

યાને

બહાદુર બાળા

તે એક ઘણી ટાઢી રાત હતી અને હમારૂં સંપીલું કુટુંબ એક સગડી આગળ તાપણું કરતું બેઠું હતું. હમો સઘળાં આજે એક ભાઈ જે મુસાફરીએ ગયો હતો તેની વાટ જોતાં હતાં. તેનો આવવાનો વખત હજુ દોઢ કલાક કરતાંબી વધુ હતો, એટલે હમો તરેહવાર ટોલટપ્પા મારતાં બેઠાં હતાં. મારી બાયડી, છોકરાં, નાના ભાઈઓ ઉપરાંત એક બીજી દુરની સગી હમારાં ઘેરમાં વસતી હતી, જેનું નામ જો કે એલીઝાબેથ એશફીલ્ડ હતું, તોપણ હમોએ તેનું નામ 'બાહાદુર લીઝી' પાડયું હતું; કેમ કે ઘણી ખરી ઓરતો માફક તેણી બોહકણ નહીં, પણ નરદોનેબી શરમાવે એવી હીમ્મતવાન હતી.

હમો ખુશ ટોલટપ્પા માર્યા જતાં હતાં, જેવામાં વાત ભુતોના બાળપર નીકળી. હમો સઘળાંઓએ હમારૂં મત આપ્યું, જેવામાં લીઝી, જેણી હમણાવેર એક ખુનામાં ચુપ બેઠી હતી, તેણી બોલી ઉઠી: "તમે લોક ગમે તે કહો, પણ હું તો ભુતોની આ દુન્યામાં હસ્તી માનતી નથી, થોડાં વરસની વાતપર આ બાબતમાં મને શક હતો, પણ પછી એક એવો બનાવ બન્યો કે મારી ખાતરી એ બાબે થઈ ગઈ છે." હમો સઘળાંઓએ એ શું બનાવ હતો તે આતુરતાથી પુછવા માંડીયું. તેણીએ આપરથી પોતાની

ખુરસી જરા ધસડી પાસે ખેંચી અને પછી બોલી: "જ્યારે તમે એ વાત સાંભળવા ઘણાં આતુર છો ત્યારે તો હું તે કહું છું જે પરથી તમે જોશો કે ભુત પલીદ તો વેહેમી મગજોની ઉત્પતી માત્ર છે, બાકી એવી કશી ચીજ આ દુન્યામાં વસ્તી નથી."

આ પછી તેણીએ નીચે પ્રમાણે તે વાત કહી સંભલાવી, જે હું તેણીનાજ બોલોમાં ઉતારી લેઉં છું:—

થોડાંક વરસની વાતપર, જ્યારે હું મારાં મા બાપ સાથ બ્રીસ્ટલ ખાતે રહેતી હતી. ત્યારે કસ્ટમના ટાંકણે મારી જુની સહી મેરી બ્રારટન તરફથી તેણીના વરનાં ઘરમાં થોડા દહાડા પહરોણા તરીકે રેહવાનું મને ઇજન આવ્યું. આ મેરી બારટન અગાઉ ગરીબ હતી, પણ ખુબસુરત હોવાથી એક પૈસાદાર બુઢા બેરોનેટ સાથ પરણી ગઇ હતી. તેણી મને ભુલી ગઇ હતી નહીં, અને વારંવાર પોતાને ત્યાં રેહવા આવવા તેડું કરીયા કરતી હતી. ક્રીસ્ટમસપર બીજા ઘણાક પહરોણા તેણીને ત્યાં આવતા હતા, અને અનેબી ઘરમાં કંટાળો આવનો હોવાથી તેણીનું તેડું મેં કબુલ કીધું. ટુકમાં હું 'ફેન પેલેસ' માં આવી પુગી. મારી સહી અને હું ઘણાં હર્ષ સાથ ભેટયાં. બીજાં ઘણાક પહરાણાં ત્યાં આવ્યાં હતાં; અને તેથી આખો મેહેલ ખુબ ચીકાર ભરાઇ ગયો હતો. મારે માટે એક ઓરડો તૈયાર હતો. ત્યાં થોડોવાર રહી હું બંગલામાં ફરવા નીકળી. બંગલો ઘણો પુરાણો અને અસલી ઢબવર બાંધેલો હતો. ફેનવાળાંઓએ તે આશરે દોઢશો વરસની વાતપર વેચતો લીધો હતો અને ત્યાર પછી તેમાં ઘણોક ફેરફાર કીધો હતો. અસલી રીત પ્રમાણે તેમાં એક લાંબી ચાલ અને આસપાસ ઓરડાઓ હતા. સઘળા ઓરડા ચીકાર ભરાયલા હતા; પણ તે ચાલને છેડે મેં એક ઓરડો જોયો, જે બંધ હતો. તેબી ઘણો જુનો હોય એવું લાગતું હતું, પણ બધા ઓરડા ભરાયલા અને એજ ઓરડો મા

હી તેનું શું કારણ? હશે, કાંઇ છુપું કારણ હશે, આમ વીચારી હું આગળ ચાલી.

તેજ દાને સંજનાં જ્યારે હું માહરા ઓરડામાં બેઠેલી હતી ત્યારે મારી સહી દોડતી આવી. તેણી ઘણી ગભરાટમાં હોય તેમ જણુતું હતુ. મેં આનું કારણ પુછ્યું, જેથી તેણીએ જણાવ્યુ "જેની, મારા ઘરનાં એક ઘરડા ફુઇ છે, તેવણુ જરા કડક છે, અને હમણાંજ લન્ડનથી તાર મોકળાયોછ કે તેવણુ આવતી કાલે સવારે હાં આવશે, માટે એક ઓરડો તૈયાર કરાવવો. હવે જો તેવણે અગાઉથી લખ્યું હોતે તો કાંઇબી ગોઠવણ કરતે પણ હમણાં તો શું કરતું તેના વીચારમાં હમે પડીયાંછ."

મેં અજાયબી સાથ પુછ્યું; "પણ એમાં તે શું મોટી વાત? તેમાં ગુચવણ શાની?"

"તો જેની—બધા ઓરડા રોકાઇ ગયલા છે, એકબી ખાલી નથી, ત્યારે એવણુને કયાં ઉતારો આપીએ?" તેણીએ ખુલાસો કીધો.

"તેની કાંઇ ફીકર નહીં," મેં તુરત કહ્યું "માહરો ઓરડો તેવણુને વાપરવા આપજો હું તો ગમે તાંહ સુવસ."

આ વાત તેણીથી પેહેલાં તો કબુલ થઇ શકી નહીં, પણ અંતે માહરી બહુ હઠ આગળ તેણીનું કશું ચાલ્યું નહીં તેણીએ આ માટે મારો ઉપકાર માન્યો, અને પુછ્યું "પણ ત્યારે તું કાંહ સુસે? કોઇબી ઓરડો ખાલી નથી"

આ વેળા મને સવારે જોયલા પેલા ઓરડાની—ચાલને છેડે આવેલા પેલા પુરાણા ઓરડાની—યાદ આવી જેથી મેં કહ્યું "પણ એક ઓરડો તો પેલી ચાલમાં મેં જોયોછ જે તદન ખાલી છે, તેજ મને ચાલશે!"

આ ઓરડાની વાત સાંભળીને મેં જોયું તો મારી સહીના હોઠ ફીકા પડી ગયા. તેણી ફકત એટલુંજ બોલી—"ચુપ ચુપ!

તે ઓરડાની વાત ના કાઢ." "પણ કાંય? તેને શું છે? કેવો મજે નો ઓરડો છે—તે તદન ખાલી છે" મેં વધતી જતી અજાયબી સાથ પુછીયું.

મારી સહીએ જવાબ દીધો:—"તે ઓરડો બંધ રાખ્યેછ તે નું કારણ એ કે તેમાં ભુતના ચાળા છે?! હા—અને તેને ઘણાઓએ જોયા છે" "ભુતના ચાળા છે?" મેં આ વાત માની નહીં. ભુત શું ને વાત શું? તોબી મેં મારી સહી પાસ સઘળું જાણવા માંગ્યું.

"જ્યારે તુને એ સઘળું જાણવા ગમેછ તો સાંભળ: એવી દંત કથા છે કે અઢીસો વરસની વાલપર આ મેહલ સર પરસીવલ નામના એક તવંગર ઉમરાવની મીલકત હતી. આ ઉમરાવની એ લીસ નામની એક ચેહરે નમુન બેટી હતી, જેની પરી કરતાં વ૰ ધારે ખુબ સુરત કેહવાતી હતી. હવે આ છોકરી એક ગરીબ પણ આબરૂદાર જવાન ચીતારા સાથ પ્યારમાં પડી. થોડી મુદત જવા દઈ તે ચીતારાએ સર પરસીવલ પાસ પોતાની માગણી રજુ કીધી. સર પરસીવલ પાસ બે શુમાર દોલત હોવા છતાં પઈસાનો તે લોભી હતો અને પૈસાદાર જમાઈ તેને જોઈતો હતો તેથી તેણે આગરી બ જવાનની માંગણી ફીટકારી કાઢી, અને કહ્યું કે એક સારી દોલત લઈને મારી પાસ આવજે અને ત્યારેજ મારી બેટનો હાથ તને સુપરદ કરીશ. આ બોલો સાંભલી તે ચીતારાએ ત્યાંથી રૂખસદ લીધી. તે મેં અમેરીકા જવાનો ઠરાવ કીધો અને એલીસને મળી એ વાત જણાવી આ બંન્ને જણા એકેકને વફાદારીનો કોલ આપી છુટાં પડયાં. થોડાં વરસ ગયા બાદ સર પરસીવલે અંતે પોતાનો જમાઈ શોધી કાઢીઓ તે એક જરદાર પણ કદરૂપો બુઢો કંજુસ નામે સર હોબ્યાસ હતો, આ બુરડા સાથ ખુબ સુરત એલીસને જોર જુલમથી પરણાવવામાં આવી—કહે કે—વેચવામાં આવી, પણ જો કે તેણીનું અંગ આ બુઢાને વેચાયલું હતું તોપણ અંદરખા

જેથી તો તેણીનું દીલ પોતાના વાહાલા તરફ પાક રહ્યું હતું.

"આણીમેર પેલો ચીતારો તો અમેરીકામાં પોતાનું નસીબ અજમાવવા ગયો હતો જ્યાં તેનું નસીબ ખુલ્યું. તેના ચીતારો ત્યાં ઘણા વખણાવા લાગ્યા, અને આમ કરતાં તેણે એક સારી દોલત ભેગી કરી દશ વરસમાં તો તે એક લક્ષાપતી થઇ ગયો, અને તે દોલત લઈ પોતાને સ્વદેશ જવા ઉમેદોનો ભરેલો—એલીસનો હાથ માંગવા—નીકળ્યો. તે ઇંગ્લંડ આવી પુગ્યો—પણ ત્યાં તેણે શું જોયું? તેની એલીસ બેવફા થઇ એક ઘરડા સાથ પરણી ગઇ હતી. આથી તેને એટલું તો દુઃખ લાગ્યું કે દરીયામાં પડી તેણે આપઘાત કીધો. જ્યારે આ વાતની ખબર ગરીબ એલીસને પડી ત્યારે તેણીનું દુઃખ અત્યંત હતું. સર પરસીવલ તો મરી ગયેલ હતો. પણ તેણીનો વર તેણીના પર જુલમ પાડતો હતો. આ સંઘળાંને લીધે તેણીને ભેજાંની તાવ લાગુ પડી, જે વધી જવાથી અંતે જવાનીમાંજ તેણી પેલા ઓરડામાં મરણ પામી આ પછી એવું મનાતું હતું કે તેણીનો જીવ આ ઓરડામાં ભટકતો ફરતો હતો. ઘણાઓએ મધરાતના તે ઓરડામાં કોઇ હાય મારતું હોય તેવા સાદો સાંભળ્યા હતા. એક જવાન્યાએ આનો ભેદ સોધી કાઢવા તે ઓરડામાં સુઈ જવાનો ઠરાવ કીધો રાતે ૧૨ વાગે તેને કોઈના આસ્તેથી ચાલવાનાં પગલાં સંભળાયાં આથી તેના હોસકોસ ઉડી ગયાં અને તેણે ચીમાઇને જોયું તો બારણું ઉઘડ્યું અને કોઇ દાખલ થયું. શું દાખલ થયું તે જોવાની તેની હીમત ચાલી નહીં, પણ પછી આસ્તેથી જોયું તો જણાયું કે તેનેથી થોડે દૂર એક કાળું કાંઈંક પડ્યું હતું! આથી તેને એટલી તો ધાસ્તી લાગી કે મોંનું ઢાકીને તે સુઇ ગયો. જ્યારે તે હીલા ઘુમલા જેવો થઇને સવારે બહાર આવ્યો ત્યારે ઘણી બારીકીથી શોધ કરતાં કાંઇંક જેવું કશું મળ્યું નહીં. તે દહાડેથી સઘળાંઓના મનમાં

એવી તો ધાસ્તી ભરાઇ કે કોઇએ ત્યાં પાછું સુવા જવા હીમતજ કીધી નહીં! અને તે દહાડાથી તે ઓરડો બંધ્યાર પડેલો છે. રાતે તો ત્યાં કોઈ ફૂટકતુંજ નથી હવે એ ભુતના ચાળા નહીં તો શું?"

આ લંબાણ હેવાલ સાંભળી મારા મનપર ઘણી અસર થઇ. એ ભેદ શું હતો? પેલું કાળું કોફીન કયાંથી આવતું હશે? શું ખરેખર કમનસીબ એલીસનું રૂહ ત્યાંહ ભટકયું હશે? આ સવાલોના જવાબ હું આપી શકી નહીં. પણ તે છતાં મે એક બાહાદુરી ભરેલો ઠરાવ કીધો; તે એકે મારે પોતે તે ઓરડામાં એક રાત સુઇ જોવું. મેં આપરથી મેરીને એ વાત જણાવી. તેણીનો એ વાત સાંભળીનેજ હેબતી ગઇ. ભુતવાલા ઓરડામાં એક જવાન છોકરી એખલી સુવે તે કરતાં હેબતાવનારૂં બીજું શું હતું?

તેણીએ મને ઘણી સમજાવી આ વાતપરથી હાથ ઉઠાવવા સમજાવી. પણ મારાં ભેજાંનો કીડો એકવાર ચવડી આવ્યો તે કંઇ નરમ પડે? મારી જીજ્ઞાસા ઉશકેરાઇ હતી—આ ભુતનો બરમ શોધી કાઢવાની મને અજબ હોંશ થઇ આવી હતી. અલબત્ત, જે જોખમ હું ખેડવા માંગતી હતી તે કાંઇ નાનો સુનો નહીં હતો. જે કામ એક મરદથી નહીં બજાવાયું તે હુ—એક ઓરત—બજાવવા માંગતી હતી; પણ તોબી મને તે વીષે કશી ધાસ્તી લાગી નહીં. જ્યારે મારી સહીનું કશું ચાલ્યું નહીં, ત્યારે તે મારા વીચારને શરણ થઈ, જો કે તે ઓરડામાં મને સુવડાવવા સમુલગી રાજી હતી નહીં. "જો બેહન, મારૂં માન! અને એ હુલડાઈ ના કર! તેણીએ જતાં જતાં કહ્યું પણ સાંભળે કોણ?

આ પછી તેણી મારે માટે તે ઓરડો સાફસુફ કરાવવા ગઇ અને તેણીની પુઠે હુંબી ત્યાં ગઇ તે ઓરડો ઘણી પડત હાલતમાં હતો. ભુતના ભયે ત્યાં કોઇ સુતુ નહીં અને તેને કોઈ સાફ સુફ બી કરતું હતું નહીં. તેનું બારણુંબી પુરાણું ખવાઇ ગયલું હતું

અને ઇસ્ટાપરીથી ભાગી ગઇ હતી. એ છતાં તે ઓરડો ઘણો સગવડવાળો મોટો હતો. એક બાજુએ ઠંડી પડે ત્યારે તાપણું કરવા માટે એક સઘડી જણાતી હતી, અને બીજી ગમ એક મસ મોટો ઢોલ્યો હતો, જેથી ધુળે ભરાઇ ગયો હતો. વચોવચમાં એક ટેબલ હતી, અને તેની આસપાસ બે ખુરસીઓ હતી.

તે ઓરડો સાફ કરીને તુરત નવો જેવો કરવામાં આવ્યો. સગડી સળગાવવામાં આવી, અને ટેબલપર લેમ્પ મુકવામાં આવ્યું. સઘળાં પરોણાંને ખબર થઇ કે હું ભૂતવાળા ઓરડામાં સુવાની છું, એટલે સઘળા અજબ થયાં. તેઓએ બી મને સમજાવી, પણ મેં તો નાનું નાજ કહ્યું. વળી કોઇને મારી સાથેથી મેં લીધું નહીં. અને અગ્યાર વાગતે સઘળાની રજા લઇ હું ભુતવાળા ઓરડામાં ગઇ. ત્યાં જઇ મેં કપડ બદલ્યાં, લેમ્પ બુજવી નાખ્યું, અને તે મોટા ઢોલ્યાપર ખુદાનું નામ લઇ સુઇ ગઇ. પણ જો કે હું ઢોલ્યા પર પડી તોબી મને ઉંઘ નહીં આવી. કયાંથી આવે? મેં જે સવારે બધી વાત સાંભળી હતી તે મારા મનમાં તાજી હતી. હા! એજ ઢોલ્યાપર કદાચ પેલી કમનશીબ એલીસ સુતી હશે! સઘડીમાંનો આતશબી ધીમે ધીમે બુજવાનો ગયો અને અરધા કલાકમાં તો આખા ઓરડામાં અંધાર ફેલાઇ ગયું. હવે મને બીક લાગવા માંડી.

જેમ જેમ ૧૨ વાગાનો વખત થતો ગયો તેમ તેમ હું વધારે ધ્રુજવા લાગી. એ ઓરડામા સુવામાં મેં ખચીત બુરાઇ કીધી હતી. થોડા વખતમાં ૧૨ વાગા અને હું ભુતની વાત જોતી બેઠી સાડા બાર થયા...કશું નહીં મળે. એકબી વાગો ને દોઢ ગી થયો—પણ ભુત નહીં મળે! શું ત્યારે આ અમસ્થી ભુલ હતી? મારી હીંમત પાછી આવી, હું ઢોલ્યાપરથી ઉતરી અને આખા ઓરડામાં શોધ કીધી, ત્યાં કોઇ હતું નહીં. આથી હું પાછી સુઇ ગઇ. આ વેળા સારી આંખ લાગી ગઇ અને હું સવાર સુધી ઉ-

થાઇ. ખચીત, તે રાત્રે ભુતે મારી મુલાકાત લીધી હતી નહીં.

સવારે જ્યારે હું નાસ્તાપર હાજર થઇ ત્યારે સૌ કોઇ મારી રાત કેમ ગુજરી તે પુછવા લાગ્યું. મેં સંધી વાત કહી. જે સાંભળી બધાં અજબ થયાં. કાઇએ મત આપ્યું કે ભુત દરરોજ આવતો હશે નહીં. આથી આ ભૂત પકડું નહીં ત્યાંસુધી તેજ ઓરડમાં સુવા મેં ઠરાવ કીધો. પેલાં ઘરડાં બાઇ પણ તે સવારે આવાી પુગ્યાં; તેઓએ પણ મારી વાત સાંભળી અને મારી હીમત હીંમત માટે સાબાશી આપી.

તે આખો દહાડો હસી ખુશીમાં પસાર થયો. રાતે સુવા જવાનો વખત થયો કે હું મારા ભુતવાળા ઓરડામાં ગઇ. બધાંઓ ખાતરીથી કેહતાં હતાં કે આજે તો ભુત ખચીત મુલાકાત આપ વાનો. મેં મારા ઓરડાનું બારણું અળગું ઢાંકયું—બરાબર ઢાંકવાં જેટલું તે આપ્યું હતુંજ નહીં—અને પછી લેમ્પ બુજવી નાંખી આગળી રાત પ્રમાણે ઢોલ્યામાં અજેટાંઇ. આજે મેં જાગવાનો ઠરાવ કીધો હતો, અને મનેથી લાગતું હતું કે ભૂત આજે દેખાવ દેશે. મારા મનમાં પાછી આગલી રાતનોજ ફીકરો તાજી થઇ. પછું સુવામાં મેં હુલ્લડઇ તો કીધી હતી. હવે તો જે બોદા કરે તે ખરૂં એમ વીચારી ઢોલ્યાપર અલેટાં ખાવા લાગી જેમ તેમ કરી ૧૨ નો વાગ્યા એટલે મેં કાન ઉંચાં કરી સાંભળવા માંડીયું આ વલા મારા પેટમાં કલેજી હતી નહીં. સાડા બારેક નહીં થયાં તેત લાંતો ચાલમાં કોઇનાં ધીમેથી ચાલવાનાં પગલાં સંભળાયાં. મારા તો હોંશકોશ ઉડી ગયા અંતે ભુત આવ્યો ખરો. બાહર કકડતી ઠંડી પડતી હતી અને સગડીમાંનો આતશ જરા જરા પજરતો હોવાથી ઓ રડામાં ઘણીજ ઝાંખી રોશની પડતી હતી. થોડે વાર આલમાં કોઇ આસ્તે આસ્તે ચાલતું હોય તેવું સંભળાયું. થોડે થોડેવારે કોઇ હાયબી મારતું હતું? દસેક મીનીટ આ ઢોંગ ચાલ્યા બાદ આસ્તે રહીને

મારા ઓરડાનું બારણું ઉઘડયું—પણ કોણ દાખલ થયું તે મને જણાયું નહી, કેમકે મારામાં એટલી હીંમત નહીં હતી કે ઉઠીને હું જોઉં.

આ વેળાનો મારો ધબરાટ તમો સેહલાઇથી સમજી શકશો. હું—ઓરત જાત—કોઈ અજાણી ચીજ સાથ એકલી એક ઓરડામાં હતી! થોડીવારે કોઇ મારા ઢોલ્યા આગળ જાણે ધસડાઇને આવ્યું, અને ત્યાં પડીયું. મેં જરા છાતી ધાડી કરી ચીમાઇને જોયું તો ઢોલ્યાના પગ આગળ એક નાનું કાળું કોફીન પડીયું હતું. આ જોઇ મારા ટાંટીયા ઢીલા પડી ગયા—મારા દીલમાં કમકમાટની લાગણી પસાર થઇ ગઇ. પેલો ભુત આ કોફીન નાખી ગયલો, પણ તે પોતે મને દેખાયો નહીં! હું થોડીવારે બી હતી ધ્રુજતી ત્યાં પડી રહી, પણ પછી જરા હીંમત કરી તકયા પરથી માથું ઉચકયું, તેટલામાં તો—પેલું કાળું કોફીન જરા હીલ્યું, અને પછી છલાંગ મારી મારાં દીલપર આવી પડીયું!

મેં બીકને મારે ધાંમેલી ચીચારી મારી પણ તુરત મારી ધાસ્તી સૌ દુર થઇ ગઇ. સઘળો ભેદ આરસી પેરે ખુલો થઇ ગયો. જેને મેં કાળું કોફીન ધારેલું તે તો કાંઇજ નહીં પણ મારી સહી મેરીનો માનીતો મોટો ન્યુફઉંડલેંડ કુતરો હતો!! તે મારા હાથો ચાટવા લાગ્યો. દેખઈતું હતું કે તે ગરીબ કુતરો આ સઘળી ગડબડનું મુળ હતો. તેને કેથી બાહર ટાઢી લાગતી હોવાથી માટે આ પડત ઓરડો પોતાનાં રેહેઠાણ માટે તેણે શોધી કહાડયો હતો તે મધરાતે ચાલતાં ચાલ્યા કરતો, હતો અને થોડેથોડેવાર ટાઢીને લીધે ખુમો મારતો હતો જે કોઇ હાય મારતું હોય તેમ સંભળાતું હતું. ઝાંખી રોશનીમાં તેનું બદન કાળાં કોફીન જેવું લાગતું હતું, અને તે પરથી સંધાઓ તે ઓરડામાં ભુતના ચાળા હતા એમ માનતા હતા.

બીજી સવારે જ્યારે આ શોધ જાહેર થઇ ત્યારે કેવી અજાયબી પંથરાઇ રહી અને મરદોને કેવી લાજ લાગી હશે તેનો તમોએજ વીચાર કરી લેવો તે દીનથી ભુતની હસ્તી હુ મુદલ માનતી નથી, અને મારી ખાત્રી છે કે આ વાત સાંભળીને તેમો પણ તેમજ કરશો.

આ વાત "બાહદુર લીઝી"એ પુરી કીધી કે બાહર ગાડીનાં પૈડાંનો અવાજ સંભળાયો અને હમારા બાઇને આવકાર દેવા હમો સઘા બાહર દોડી ગયાં.

કાવસજી કાર્કે ઈસ્કોર

વીમાની આફીસમાં

બોળાઇની માનું પેટ બળે, જેટલું બોળાઇએ મારૂં નખ્ખોદ વાળી મને ભુંડો કીધો છે તેટલો મને કોઈએ બદનામ કીધો નહીંહશે.

એક દાહાડે મારે માટે હું એક લવંડરની સારી સીસી લેવા ગયો—પરહવાર હતી અને નાહ્યા પછી કપડાં બદલવાનો મારો વીચાર હોવાથી ફ્રીલનો મેલોજ ડગલો પાટલુન ટોપી લેઇ ચાક લગાડયા વગરના સુફેદ બુટ સાથેજ બજારમાં નીકળી પડયો. એક મોટી દુકાનમાં હું ગયો ત્યાં મીયાં ઘરાકો સાથે બહું રોકાણમાં પડેલા એટલે જેવા તેવણુ મારી આગળથી પસાર થયા કે મેં એક ઉંચે વાંધેના જેવા ઘરાકના દમામથી તેને કહ્યું " એઇ મીયાં 'લુબીનનુ' હ્વાઇટરોઝ છે કે ?"

"શેઠ વખત છે કામનો, મશ્કેરી નહીં જોઇયે, શું ઘા મુંને બનાવવા આવ્યા છો કે !" મીયાંને મારો મેલો પોશાક જોઇ છીટ લાગી; ફ્ફડી ચટકીને ત્યાંથી હું ઉતર્યો કે રસ્તામાં મને મારો એક દોસ્ત મળ્યો.

"'દોસ્ત કાઉ. કાંઇ ઑાઇલમેન સ્ટૅાર જોઇયે તો પેલા જમ શેઠને ત્યાંથાલિજેની તેણે દુકાન ઉઘાડીછ"

"અરે યાર, જવાહેની વળી આપણે કીયા એટલા 'હેનસમ' (ખુબસુરત) પડયા કે માથે ઑાઇલમેન સ્ટૅાર લગાડયે."

હવે આ સાદા, વગર અભીમાનના જવાબમાં તે ખડખડ હસ્યો અને તેના વ્યાજમાં 'ઢૉપ' હેતો કે ફેંટામાં ખાડો પડગો! હજુર મને સમજ નહીં પડતી કે તે હસ્યો કાંય? હવે વીચાર આવ્યો કે "શું કામ, છનો તૉમને ત્યાં બાલ કપાવા, તો જવાનો હેતું ત્યાંથીજ લવંડરની બાટલી લેવસ" આ વીચારે મને બરાબર લગ્યાથી કાલબાદેવીનો રસ્તો મેં લીધો—ટૉમની દુકાને ચઢયો, તાપમાંજ દગલો કાઢયો, ફેંટો ઉતાર્યો અને ખુરસીપર બેઠો. એક ફીરંગી હજામ હાથમાં નીખ્યો અને કાતર લઇ મારી આગળ આવ્યે. જરા બળ હજી તો ઓબ્યા કે એનું નખ્ખોદ જાય તે નાક પર નાક ચઢાવી મારી આગળથી મોહડું મરડે!

"શેઠ તેરે બાલમેસે કયા બો નીકલતા હય—અબી નહીં તો જાઓ જરા દુપેરકુ બાલ સાફ કરકે આઓ!"

હેં વાસ આયો? વાસ શાનો? બાલ જેવા જોઇયે તેવા સફ છે ને? ફકત આગળી રાતે કલબમાં દોસ્તદારોએ મશકેરીમાં તે પર મસુરનું ગોરટ, બાફેલું કોળી મુકીને મોહવરૂં રેડયું હતું. પણ તે વાસ કાંઇ બેસી રેહે! એ બધાંઓને થયુંછ શું? આજે મારી પુઠે કાંય લાગાછ! લવંડર લવંડરને વગે અને ઉલટો હાડમારી ખમી ત્યાંથી ઉપડેલો પાધરો ઘેર આયો.

મારા બાવાનો એવો વીચાર કે હું મારો વીમો ઉતરાવું—બાવાપર એક કમ્પની તરફથી દરખાસ્ત થઇ અને બાવાએ મને મારો વીમો ઉતરાવવા કાઢયો. તે લોકનું કામ ધમધોકાર ચાલતું હતું. તેમનાં કેહવા પ્રમાણે તેમની વર્ષ દાહાડાની આવક ૧૭,૦૦૦,૦૦૦

પાઉન્ડ, ૨ શીલીંગ અને એક પેન્સની હતી—બાપરે તેઓએ ફેડી નાખ્યું! બાપરે તો ફુલીફાલી ગીયા, અને મારા વીમાથી તેમને કેટલોક અંશરો મલવાનો હોય તેમ તરીમતરાક થઇ છતાં કાઢી એક દાહાડે તેમના પવીત્ર મકાનમાં ગયા. દ્વારમો તો ભરેલા હતા. ફકત તે દાહાડે મારી તબીબી તપાસ થવાની હતી અને તેની ફેંસલ તો મારા બાવાએ કહ્યું તેમ મારી હુશ્યારી પર હતી.

આહા! શું તેમની આફીસની બીલ્ડીંગ! વીકટોરીયા ટરમીનસ તો તેની આગુળ પાણી ભરેછ. અંદર દાખલ થયો અને ગંજાવર મોટા સંગેમરમરના દાદરપર ચઢ્યો—ઉપર ગયો કે હમાલોનું એક મોટું ટોળું મને મલ્યું જેમાંનો એક મને અદબ આદાથી સલામ કરી મેનેજરના રૂમમાં લઇ ગયો—મેનેજર મને જોતાને વાર થોડો થોડો થઇ ગયો અને મને કહ્યું "સારૂં થયું સાહેબ" તમે વખત સર આવી પુગા. ડાકટરોની મીટીંગ હમણા ઉઠી જવાનો વીચાર કરતી હતી, તે તમારે માટેજ કાચ થોભી હશે. "હમાલ, શેઠકુ દાકતરસાબ પાસ લેકે જાવ." એક નાનું ચીકીન રાતી પાઘડી અને રાતા ડગલા સાથે નીકળી આવ્યું અને મને બીજે દાદરે ઉપર લઇ ગયો—એ રડામાં દાખલ થતાં મેં જોયું કે ત્યાં એક લાંબી ટેબલપર ત્રણ જણા બેઠેલા હતા. તેમની આગળ સહીયો ભરેલા બાટેબાર ખડયા, કોરાં બ્લાટીંગ પેપર, ક્લીલપેન, કાગળના ચોડા, રબર સ્ટેમ્પના દાબડા, છાતી જોવાની ભુંગળી ઇત્યાદી મુકેલું હતું અને આ સઘળું જોવાની ટક મલી તેનું કારણ એમ કે તે કામના કાદરયાઓ ડાચાંનો બે ફાડ પોહોળો કરી આંખ મીંચી દાંતે જોતા હતા.

મેં મારી લાકડી જરા ઠોકી કે બધા ચોંકીને હુસ્યાર થયા, ક્લીલપેન ઝપ ઝપ લઇને સહીમાં બોળી કાઢયાં જેમાં એક તો લખવાની અણીને બદલે પીંછાને સહીએ નહવાડયું!

તે સોફની સામે એક ખુરસીપર બેસવાની તેઓએ મને ઇશારત કીધી અને હું બેઠો. ત્યાર પછી કોઈ લાંબી સુફેદ દાઢીવાળો જે તેમનો વડો હતો તેણે છાપેલા ફારમપર મારૂં નામનીશાન લખી લીધું અને સવાલો શુરૂ કીધા.

"સાહેબની ઉંમર?"

"ત્રીસની."

બધાઓ ચોંકયા અને એકેકના ચેહરા જોવા લાગ્યા.

"હું તો તમારી ઉંમર પચાસની ધારતો'તો!" ડાબા હાથ પરનો એક બોલ્યો.

"આ ચેહરાપર ભુલવું નહીં, એમ તો હું પોતે સીત્તેર વરસનો હોવું તેમ મને લાગેછે." મારા આ બોલો તુરત તેઓએ લખી લીધા. ત્યાર પછી મારા ઘેરના ડાકતરોના નામ નીશાન લીધાં. અને સઘળાઓ ઉઠી મારી આગળ આવ્યા અને મને ઉઠાડયો, બેસાડયો, સુવાડયો ફેર વળાવી, માથાંપર ઉભો રખાવ્યો, નચાવ્યો કુદાવ્યો, મારો પગ તાણી જોયો હાથ ખેંચી જોયો નાક ખેંચી જોયું—અને તેમાં નાક ખેંચવાની ગંભીર ક્રીયાની વખતે મારીથી છીંકાઈ ગયું કે તેના હાથ—તોબાહ! જેમ તેમ સાફ કરી પાછી ક્રીયાઓ શુરૂ કીધી. મોહડું ઉઘડાવી મારા બધા દાંત હાથે હીલવીને જોયા—કુંસાણી જોયું. એ સઘળું પુરૂં થયું કે તેઓના મોંહએં જરા હસતાં જોયાં તેથી સેવક પોતેબી ખુશી થયા, કે સેવક તંદદોરસ્ત બનામે ઇજ્જદ જેવા તેમના ધ્યાનમાં ઠસી ગયા ખરા! પાછા હમો બધા બેઠા અને પેલો વડો બોલ્યો.

"હવે સાહેબ, પુછવાનું થોડુંજ છે જે મેહેરબાનીની રાહે જરા ખાલેસ દીલથી સાચ્ચે સાચું હમને કેહશો."

"બેશક પુછો મેહેરબાન, જે હશે તે કહી દઇશ."

"વળી એટલુંબી યાદ રાખજો કે હમારીથી કાંઈબી છુપાવશો. તો તમારાં મરણની વખતે ખોટી પંચાતી જાગશે અને રમુ

માન મચશે અને જેટલાનો વીમો ઉતાવશો તે બધા જતા રેહેશે."

"બેફીકર રહો તે બાબે સાહેબ."

આ ઉપરથી સંતોષી ચેહેરે મને તેઓએ નીચલા સવાલ પુછ્યાજ કીધા જેના જવાબમાં મેં નીચે પ્રમાણે કાચું કાપ્યાજ કીધું.

"સાહેબે સહેર મુકાવેલા કે ?"

"નહીં સાહેબ"

ત્યારે આ બાજુપર ડાઘ શાના?"

"એતો સાહેબ હું નાનો હતો ત્યારે મને એક હડખાં કુતરાંએ કરડયો હતો તેના દાંતનાં"

'શાબાસ, સાહેબ પીવાથી તો પરેજ રેહેતા હશો ?"

"નહીં, જો દોસ્તોને પુછશો તો તેઓ ના કેહેસે, અને મને પુછો તો હું 'હા' કહુંછું—બીજાઓના દેખતાં હું એક ટીપાની બી આરાસે જતો નથી. પણ કોઈ નહીં હોય ત્યારે ધુમ પીવુંછ."

"અંહ!" એમ બોલી ત્રણે એ કાંઇ લખી લીધું.

"કોઇ વખત સાહેબને છાતીનું યા કોઇ બીજું દરદ થયું હતું?"

"હા, સાહેબ, હું પુનાની કૉલેજમાં શીખતો હતો ત્યારે એક વખત મને તસ ભરીને લોહી ગયું હતું—પછી ગયે વરસ મને ઇન્ફ્લુએન્ઝા થયો હતો, માર્ચમા મને જરા કાંકણનું ઝેર ચયું હતું. મેહમાં મારૂં માંથુ દુખી મને બોખાર સદી આવી હતી મારી આ હકીકતથી તેઓ ખુશી થયલા લાગ્યા અને આ પ્રમાણે તેઓથી મને ઉતેજન મલવાથી મેં મારી ભોળાઈ ચાલુજ રાખી કે "જુનમાં મને નજલો થયો હતો. જુલાઇમાં સખીવાને લીધે મારો જમણો પગ મારા ઘેરના થાંબલા જેવો થયો હતો અને નાનપણથીજ હું એટલો નબલો હતો કે મારા બાવાએ મારી છાતીપર (દેખાડીને આ રહ્યું) "**કાચી કામ છે સંભાળજો**"—કરી કોઇ સોનાર પાસે કોતરાવ્યું હતું. એવી મતલબથી કે કોઇ મને એકુ સુકી પાંસરામાં આપી સુવાડી રખે દેય. હંમેશ કોઇ મને મારવા

આવે કે હું મારો સદરો ઉંચકી તેને આ વંચાવું છું કે તરત તે ચોકાંને પાછો હઠે છે." આ સઘળું તેઓએ ઉતારી લીધું.

"હા, અને મને એકવાર જરા આંકડાંનોકાની થઇ આવ્યું હતું" મને જરા અસુરે યાદ આવ્યાથી મેં સાચ્ચે સાચ્ચું બોલી દીધું "અને કોઇ વાર જરા કલબમાં ઘણું ખવાય છે તો મને ફરીથી રીયાનોકાની થઇ આવે છે."

"અહ! શાબાસ તમારી સચ્ચાઇને, જીવતા રેહજો." એમ બોલી તેણે મારો આ છેલ્લો એકરાર બી લખી લીધો.

"હવે સાહેબ, તમારાં ખાનદાનને લગતી વાત જરા પુછું તેનો બી, તેટલીજ સચ્ચાઇથીજ જવાબ આપશો?"

"હા સાહેબ"

તમારા બાવા તો છેની?"

"હાજી, પણ તેવણ—"

"હા, તેવણ શું?"

તેવણ અગાઉ જરા મગજથી ચસકવાથી તેવણને કોલાબે લઇ ગયા હતા."

"હં, અને તમારાં માય?"

"ખદીથી જવાન ગુજરી ગયાં હતાં, મમાવાબી ખદીથીજ માર્ગે લાગ્યા હતા અને મારી બે નાની બેહેનોબી બીચારી ખદીથીજ જતી રહી હતી." મેં દલગીર ચેહેરે કહ્યું જે સઘળું તેઓએ ઉતારી લીધું.

"બીજા કેટલા ભાઇ બેહેન"

"ચાર, ત્રણ બાઇ અને એક બેહેન."

"હાલ હૈયાત છે કે"

"નહીં ગુજરી ગયાં."

"શાથી?"

"ત્રણ ભાઇઓ માથે લોહી ચડવાથી."

"અને એહ ?"

"કુવામાં પડી?"

"અંહ—આપઘાત કાંઇ ઓપે ઉતરતો નહીં હેય."

"એ કદ્દની માફ છે સાહેબ, એ રોગની એ.પે ઉતરતો છે— મારા બાપાના, મારા મામા અને મારા કાકાઓએ આપઘાત કરી પોતાના જાન ખોયા હતા—અને મારા બાવાના કહેવા પ્રમાણે તેઓ જરા 'ક્રેક' હતા."

"બીજુ કાંઇ?"

"નહીં સાહેબ, કાંઇ પુછો તો કહું"

"નહીં હવે કાંઇ નથી, તમે તમારે સીધારો હમેં તમારે માટે કમ્પનીને રીપોર્ટ કરીશું જેઓ તમુને ખબર આપશે,"

આપણે તો તેમને ટપલી—રીલસુફી ટપલી—મારીને ત્યાંથી ઘેર આવ્યા, અને કંમ્પનીના જવાબની રાહ જોતા બેઠા. એક દાહાડે બાવાપર એક મોટું પેકેટ તે કમ્પની તરફથી આવ્યું જે વાંચતાં તેવણને દોઢેક કલાક લાગ્યો અને પછી તરત ખુરસીપરથી ઉઠી ફરર દેતો એક તમાચો મને ખેંચી કાહડયો.

"ગધેડા, બેવકુફ, એ ત્યાં શું મોહોકાંણ કરી આયો—એવા તે કાંઇ જવાબ આપવાના હોય? તેઓ ત્યારે વીમો શાનો ઉતારે, તારો કે તારાં બેજાંનો મુવો તું પેદાનો પડતો."

"પણ બાવાજી હું શું કરૂં મેં ભોળાપણાથી સઘળું—"

"હટ તારી ભોળાઇ બળે ને તુંબી મરે ચાલ બેસ હવે ઓટલો બાંજીને હરાંમનો રોટલો ખા."

પ્રીય વાંચક તારાં બોગ લાગ્યાં હોય તો ભોળાઇ દીલમાં રાખજે. અરે એ શું એવું તો કાંઇ સેંકડો સોકપર પડ્યું છે જે કોઇ બીજી વખત. કહી સંભળાવશ.

સમાપ્ત.